જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૨/૨૦૧૯ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** સમાચાર યાદી નં.૩૩૯/૧૯

**આનંદનગર પોલીસ સ્ટેશન :**

**છેલ્લા દોઢેક વર્ષથી નાસ્તો ફરતો આરોપી પકડતી આનંદનગર પોલીસ સ્ટેશન ની પોલીસ**

આનંદનગર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.ન-૧૪૫/૧૭ ઇપીકો કલમ ૪૦૬,૪૨૦,૫૦૬(૧), ૨૯૪(ખ) મુજબ કામના ફરીયાદી શ્રી આશિષ નરેન્દ્રભાઇ દેસાઇ ઉ.વ.૪૨ ધધો-વેપાર રહે-૨૮ સુરધારા-૨ બંગલો, એચ.ડી.એફ.સી બેંકની ગલીમા પ્રહલાદનગર અમદાવાદ શહેર નાઓની ફરીયાદના કામે હકીકત એવી છે કે ગઇ તા-૨૬/૦૧/૨૦૧૭ થી ૩૧/૦૮/૨૦૧૭ સુધી ફરી.ને વિશ્વાસમાં લઇ તેઓની સાથે આ કામના આરોપી વિકેશકુમાર કૌશીકકુમાર પટેલ રહે-સી-૩૦૫ દેવપુજા ફ્લેટ આર્યવ્રત બંગલોની બાજુમા જોધપુરગામ સેટેલાઇટ નાઓ પોતાના રોડ કોન્ટ્રાક્ટ માટે બ્લેક સ્ટોન મટીરીયલ સાંઇ કૃપા ટ્રેડર્સના તથા આશીર્વાદ ટ્રાન્સપોર્ટ માંથી કરેલ સપ્લાયર્સ ના મળી કુલ્લે રૂ.૦૧,૮૨,૮૮,૯૩૭/- નુ સપ્લાય કરેલ જેના ફરીયાદીને આજદિન સુધી બીલના બાકી લેવાના નાણા રૂ.૯૯,૮૮,૯૩૭/- સાંઇ કૃપા ટ્રેડર્સ તથા આશીર્વાદ ટ્રાન્સપોર્ટના મળીને લેવાના બાકીમાં રહેતા નાણા અવાર નવાર આરોપીના ઘરે લેવા જતા ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલ અને બાદમાં લેવા જતા છેલ્લા પંદરેક દિવસથી ઘરે જતો રહેલ હોય અને મળી આવેલ ન હોય અને બ્લેક સ્ટોન મટીરીયલ તથા સપ્લાયરના બીલના નાણા નહી આપી ફરીયાદી સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરી નાશી ગયેલ હોય જે મુજબની જાહેરાત મુજબ ઉપરોક્ત નંબરથી ગુન્હો દાખલ થયેલ બાદ આ કામના આરોપીની તપાસ કરતા આરોપી કેનીયા (નાઇરોબી) ખાતે નાશી ગયેલની માહીતી મળેલ જે આધારે આરોપીના જન્મ તારીખના આધારે આરોપીના પાસપોર્ટની માહીતી કઢાવી ઇમિગ્રેશન ડીપાર્ટમેન્ટ મદદથી આરોપીના વિઝા વિશે માહીતી કઢાવી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એન"ડીવીજન નાઓની સુચના આધારે અને પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.જે.બલોચ આનંદનગર પોલીસ સ્ટેશન નાઓની રાહબરી અને સુચના હેઠળ તપાસ અધિકારી શ્રી કે.ડી.જાદવ નાઓએ બે વખત આરોપીની એલ.ઓ.સી (લોક આઉટ નોટીસ) જારી કરતા જે આધારે ગઇ તા-૧૯/૦૨/૨૦૧૯ ના રોજ આ કામનો આરોપી આરોપી વિકેશકુમાર કૌશીકકુમાર પટેલ નાઓ કેનીયાથી મુંબઇ એરપોર્ટ ખાતે આવતા એલ.ઓ.સી આધારે ઇમિગ્રેશન અધિકારી દ્વારા અટકાયત કરી અત્રે જાણ કરતા સ્ટાફના ત.ક.અધિકારી (૧) પો.સ.ઇ કે.ડી.જાદવ (૨) પો.કો હરિસિંહ જુવાનસિંહ બ.ન.૭૪૯૪ (૩) પો.કો શૈલેષભાઇ મોહનભાઇ બ.ન.૪૫૫૯ (૭) પો.કો કિરીટભાઇ જેરામભાઇ બ.ન.૫૪૨૯ નાઓ સાથે મુંબઇ ખાતેથી પકડી તા-૨૦/૦૨/૨૦૧૯ ના કલાક ૨૨/૦૦ વાગે ઉપરોકત ગુનાના કામે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી જે બદલની પ્રસન્નીય કામગીરી કરેલ છે તા-૨૧/૦૨/૨૦૧૯

## નરોડા પોલીસ સ્ટેશન

## આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૧૩૨/૨૦૧૯ તા-૦૭/૦૨/૨૦૧૯ આધારે કલ્પેશભાઇ રમણભાઇ રાવળ ઉ.વ.૨૨ રહે: મ.નં.૫૩૫ રાવળવાસ, શાક માર્કેટ, નારણપુરા પો.સ્ટે.ની સામે નવા વાડજ, અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધ નરોડા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૫૦૬૬/૧૮ પ્રોહી કલમ ૬૫ઇ, ૧૧૬(૧)(બી), ૮૧, ૯૮(૨) મુજબ ના દાખલ થયેલ ગુન્હા આધારે સદરી વિરુધ્ધ પાસા હુકમ થયેલ હોઇ આરોપીને તા-૨૧/૦૨/૨૦૧૯ ના ક.૧૮/૦૦ વાગે અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે પાસા તળે અટકાયતમા રહેવા સારુ મોકલી આપવા તજવીજ કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.